

# મેં એક અચંબો દીઠો : પૂનમે પેંગ્વિન-દર્શન

પૂનમની રાતે ચાંદનીની શ્વેત પ્રભા ઓઢીને ઊભેલા તાજમહાલને જોનાર એ અનુભવને અવિસ્મરણીય લેખે છે. તેમ પૂનમની રાતે પોતાના નૈસર્ગિક વાતાવરણમાં વિહરતા પેંગ્વિનનાં દર્શન કરનાર માટે એ અનુભવ આજન્મ પરિપૂર્ણતા અને પ્રેરણાનો સ્રોત બની રહે એવો હોય છે. પેંગ્વિન-દર્શનનો એ અનુભવ વર્ષો બાદ હમણાં શબ્દસ્થ થઈ રહ્યો છે, એ એની ચિરંજીવ અસરનું પ્રમાણ છે. એ દૃશ્ય માણ્યું ત્યારે અને ત્યાર પછી દિવસો અને મહિનાઓ સુધી એની સ્મૃતિઓ ચિત્તને પ્રસન્ન કરતી આવી છે. સમયના 

**પેંગ્વિનનો પાણીમાંથી બહાર નીકળવાનો સમય ઋતુ પ્રમાણે, સૂર્યાસ્તના સમય પ્રમાણે અને એમના જીવનચક્ર પ્રમાણે બદલાય, એનું એક વાર્ષિક સમયપત્રક છે. સામાન્યપણે સૂર્યાસ્તના એકાદ કલાકમાં એ કિનારે આવે. પોતાના દરોમાં રાત્રી રોકાણ બાદ, સૂર્યનાં કિરણ પૃથ્વીને સ્પર્શે તે પહેલાં, ખોરાકની શોધમાં દિવસભર જળવિહાર કરવા એ નીકળી પડે છે અને દિવસ દરમિયાન સાગરમાં 100 કિલોમીટર જેટલું અંતર તરી લેતાં હોય છે. એ ટચૂકડાં પેંગ્વિન જ્યારે સેંકડોની સંખ્યામાં નાનાં ડગલાં માંડતાં, ડોલતાં ડોલતાં પાણીની બહાર નીકળે ત્યારે કૅટ-વૉક ઉપર ફૅશન-પરેડ થતી હોય એનાથીયે વધુ સોપો પડી જાય**

વહેણમાં કેટલીક સ્મૃતિઓ મ્લાન થતી જાય પણ આ એક અનુભૂતિ એવી છે જે સમય સાથે વધુ સુસ્પષ્ટ થતી લાગે છે, એટલું જ નહીં, હજીયે એ નિતનવાં પરિમાણો સાથે લઈને આવે છે અને જ્યારે જ્યારે માનસપટ ઉપર ઊપસે ત્યારે કંઈક નવું આપે છે.

ઑસ્ટ્રેલિયામાં વિક્ટોરિયા નામના રાજ્યમાં મેલ્બર્નથી દક્ષિણે કારમાં દોઢ-બે કલાક પ્રવાસ કરીને 'ફિલિપ આઈલૅન્ડ નેચર પાર્ક્સ' પહોંચાય છે. આ ફિલિપ આઈલૅન્ડ એ 'લિટલ પેંગ્વિન'ના નામે ઓળખાતા વિશ્વના સૌથી નાના પેંગ્વિનનું નિવાસસ્થાન અને પ્રકૃતિપ્રેમીઓ માટે ઑસ્ટ્રેલિયાનાં સૌથી વધુ લોકપ્રિય વન્ય આકર્ષણોમાંનું એક છે. એ ઉપરાંત આ સ્થળ પર્યાવરણ સુરક્ષાની તાલીમ અને માહિતી આપતા અનેક કાર્યક્રમો અને સંશોધનપ્રવૃત્તિ માટે પ્રખ્યાત છે. અહીં લગભગ 32,000 પેંગ્વિન વસતાં હોવાનો અંદાજ છે, પેંગ્વિનની આ પ્રજાતિ હજારો વર્ષથી ઑસ્ટ્રેલિયાના આ ટાપુની વતની છે.

સૂર્ય આથમણે ઢળે તે પહેલાંના કલાકોથી ત્યાંના દરિયાકિનારે પેંગ્વિનના દર્શનાર્થીઓની મેદની જમા થવા માંડે, જાણે ઠાકોરજીની સાયં આરતીનાં દર્શન કેમ ન હોય! પેંગ્વિન પોતાના દરિયાઈ અભિસારેથી નીકળીને સાગરકિનારાની રેતીમાં પોતપોતાનાં દરોમાં રાતવાસો કરવા આવે એ પેંગ્વિન પરેડનું દૃશ્ય જોવા માટે ભેગા થયેલા આબાલવૃદ્ધમાં એકસરખું કૌતુક હોય છે. પેંગ્વિનનો તો એ નિત્યક્રમ છે પણ એના દર્શને આવેલા પર્યટકો માટે જીવનભરનું એક સંભારણું બને છે. જો પેંગ્વિન તેમના પ્રતિના આ આકર્ષણ વિશે અને લોકોમાં તેમનાથી જાગતા ઉત્સાહ અને કૌતુક વિશે જાણતા હોત તો શું વિચારતા હોત પોતાના આ 'સેલેબ્રિટી સ્ટેટ્સ' માટે?

**આરાધના ભટ્ટ**

એમને જોવા માટે વર્ષના 365 દિવસ આટલા બધા લોકો ભેગા થાય છે અને હજારો પર્યટકો દુનિયાના દરેક ખૂણેથી એમને જોવા આવે છે એની એમને ખબર હોત તો?

દરિયાકિનારે ગોઠવેલા લાકડાના સ્ટેન્ડ ઉપર અને રેતીમાં લોકો પોતપોતાનાં બિછાનાં લઈને કલાકો સુધી ટાઢ-પવન કે વરસાદની પરવા કર્યા વિના ચૂપચાપ એમની રાહ જુએ. આજના સમયમાં આટલાં બધાં લોકોને આટલી ધીરજથી આટલો વખત રાહ જોતાં જોઈને પણ સાનંદાશ્ચર્ય થાય. કોઈની કે કશાની પણ રાહ ન જોનાર, સતત સમય પર સરસાઈ મેળવવા ભાગ-દોડમાં જોતરાયેલી અથવા બધું જ ઝડપથી મેળવી લેવા ટેવાયેલો આજનો માણસ આમ કલાકો સુધી નાનકડા પક્ષીને જોવા આતુર નજરે બેસી રહે એ દૃશ્ય પણ પેંગ્વિન જેટલું જ વિરલ લાગે.

પેંગ્વિનનો પાણીમાંથી બહાર નીકળવાનો સમય ઋતુ પ્રમાણે, સૂર્યાસ્તના સમય પ્રમાણે અને એમના



જીવનચક્ર પ્રમાણે બદલાય, એનું એક વાર્ષિક સમયપત્રક છે. સામાન્યપણે સૂર્યાસ્તના એકાદ કલાકમાં એ કિનારે આવે. પોતાના દરોમાં રાત્રી રોકાણ બાદ, સૂર્યનાં કિરણ પૃથ્વીને સ્પર્શે તે પહેલાં, ખોરાકની શોધમાં દિવસભર જળવિહાર કરવા એ નીકળી પડે છે અને દિવસ દરમિયાન સાગરમાં 100 કિલોમીટર જેટલું અંતર તરી લેતાં હોય છે.

એ ટચૂકડાં પેંગ્વિન જ્યારે સેંકડોની સંખ્યામાં નાનાં ડગલાં માંડતાં, ડોલતાં ડોલતાં પાણીની બહાર નીકળે ત્યારે કૅટ-વૉક ઉપર ફૅશન-પરેડ થતી હોય એનાથીયે વધુ સોપો પડી જાય, એ સોપો સ્તબ્ધતાનો નહીં પણ આહલાદપૂર્ણ આશ્ચર્યનો હોય છે. પેંગ્વિન પોતપોતાના દરમાં પ્રવેશે એટલે ખેલ ખતમ થઈ જાય. કાળની કેડીએ ઘડીભરના પેંગ્વિનના એ સંગને ચિત્તમાં સાચવીને પોતપોતાની રીતે મનમાં મમળાવતાં, હવામાં વર્તાતા ઠારને શ્વાસમાં ભરીને પર્યટકો પોતપોતાના ઠેકાણે પરત થાય ત્યારે કોઈના મોંમાંથી શબ્દો નીકળતા નથી હોતા.

Eudyptula Minor (Eudyptula=Good little diver) એટલે કે 'લિટલ પેંગ્વિન' અથવા 'ફેરી પેંગ્વિન'ની ઊંચાઈ માંડ 30- 35 સેન્ટિમીટર અને વજન માત્ર 1 કિલો જેટલું હોય છે પણ એમનું વ્યક્તિત્વ આકર્ષક અને પ્રભાવશાળી લાગે. એમની પીઠ પર ઘેરા ભૂરા રંગનાં અને પેટ પર સફેદ રંગનાં પીંછાં અને એમના નાનકડા પગ ગુલાબી રંગના! પેંગ્વિનની ચાલ જોઈને મને હંમેશાં એ જ્ઞાનના ભારથી ઝૂકેલા, ધીર-ગંભીર, અત્યંત વિનમ્ર અને વિચારમગ્ન વિદ્વાન જેવાં લાગ્યાં છે, જાણે કોઈ અકળ અને અવ્યક્ત સારતત્ત્વ આત્મસાત્ કરીને વિચરતાં ન હોય! દરિયામાંથી નીકળે ત્યારે ટોળાબંધ અને પછી કિનારા પર આગળ વધતાં વિખરાવા લાગે અને પોતપોતાના દરની દિશામાં પહોંચી જાય.

ત્યાં આવતા પ્રવાસીઓને શાંતિ જાળવવાની સખત સૂચના છે, એ સૂચના ન હોય તો કદાચ પેંગ્વિન બહાર નીકળે ત્યારે આનંદની ચિચિયારીઓ કે તાળીઓનો ગડગડાટ થાય એવો નાટ્યાત્મક એમનો પ્રવેશ હોય છે. ત્યાં ફોટા પાડવાનો પણ સખત નિષેધ છે અને તેથી જ કદાચ એ ચિત્ર અંતરમાં વધુ સ્પષ્ટપણે રેખિત અને ચિરંજીવ થઈ જતું હોય એમ બને. ઢળી રહેલી સંધ્યાએ પથરાતી ગુલાબી ઠંડક, શાંત સાગરનો મંદ રવ, આકાશમાં હજી થોડી લાલિમાની ઝાંય, ઢળતા સૂર્યના આછા પ્રકાશમાં સાગરનાં મોજાંનો બદલાઈ રહેલો રંગ, આકાશમાં રહીરહીને સાદ વેરતી કોઈક એકલવીર ટીટોડી... એ દૃશ્યનાં રૂપ, રંગ અને સુગંધને વારંવાર મનઃચક્ષુથી સજીવન કરતાં મન અચંબાથી, અહોભાવથી અને વિનમ્રતાથી સ્નિગ્ધ થઈ જાય છે.

( મેં એક અચંબો દીઠો, દીઠો મેં ઘર ઘર કૃષ્ણકનૈયો, હૃદય હૃદય મેં રાધા દીઠી, બન્યો હું મુગ્ધ નરસૈંયો - સુન્દરમ્ )